## સ્વિમિંગ પુલની દીવાલ પરથી ગાંધીજીનું ચિત્ર હટાવતાં વિવાદ

■ સુરત મહાનગર પાલિકાની ચૂંટણી પૂર્વે શહેરમાં મહાનુભવોનાં સન્માન સાથે જોડાયેલા વિવાદો એક પછી એક સામે આવી રહ્યા છે. ઉધના સ્થિત ભાજપ કાર્યાલયના પાર્કિંગમાં સરદાર પટેલની પ્રતિમા ધૂળ ખાતી હોવાનો મુદ્દો હજી શમ્યો નથી, ત્યાં હવે મક્કાઇ પુલ વિસ્તારમાં આવેલા પાલિકાના સ્વિમિંગ પુલની દીવાલ પરથી મહાત્મા ગાંધીજીનું ચિત્ર હટાવવામાં આવતાં નવો વિવાદ ઊભો થયો છે. માહિતી મુજબ આગામી દિવસોમાં સ્વચ્છતા સર્વેક્ષણ માટે કેન્દ્ર સરકારની ટીમ સુરતની મુલાકાત લેવાની છે. તે પહેલાં પાલિકાની તરફથી શહેરના વિવિધ વિસ્તારોમાં સૌંદર્યકરણ અને રંગરોગાનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત મક્કાઇ પુલ સ્વિમિંગ પુલની દીવાલ પર બનાવાયેલા આઝાદી કા અમૃત મહોત્સવ અને સ્વચ્છતા સંબંધી પેઇન્ટિંગ દૂર કરી હવે સ્વિમિંગ પુલની થીમ આધારિત નવાં ચિત્રો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જો કે, આ પ્રક્રિયામાં ગાંધીજીનું ચિત્ર હટાવવામાં આવતાં સ્થાનિકોમાં અસંતોષ ફેલાયો છે. લોકોમાં ચર્ચા છે કે, સ્વચ્છતા સર્વેક્ષણ પહેલાં આવાં ઐતિહાસિક અને પ્રેરણાદાયી ચિત્રોને દૂર કરવાનું યોગ્ય નથી. ખાસ કરીને ચૂંટણીનો માહોલ હોય ત્યારે મહાનુભવોના નામે રાજકીય લાભ લેવામાં આવે છે, પરંતુ તેમની પ્રતિમા અને ચિત્રો પ્રત્યે બેદરકારી દર્શાવાતી હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે.

# યુદ્ધ અને મંદી વચ્ચે પણ રિયલ એસ્ટેટમાં તેજી

**રહેણાંક** અને કોમર્શિયલ પ્રોપર્ટીની માંગમાં વધારો અને ડિમાન્ડ જોવા મળી

**પાલ**, ઓલપાડ, ડિંડોલી, પલસાણા સહિતના વિસ્તારોમાં સૌથી વધારે પ્રોજેક્ટ દેખાયા

સુરતઃ સુરત જિલ્લામાં નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન પ્રોપર્ટી સંબંધિત દસ્તાવેજોની નોંધણીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. આર્થિક મંદીની ચર્ચાઓ વચ્ચે પણ રિયલ એસ્ટેટ ક્ષેત્રે સકારાત્મક વૃદ્ધિ જોવા મળી છે.

ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કુલ 2,89,430 દસ્તાવેજોની નોંધણી કરવામાં આવી છે, જ્યારે ગયા વર્ષે આ આંકડો 2,75,240 હતો. એટલે કે, લગભગ 14,190 દસ્તાવેજોનો વધારો નોંધાયો છે. આ વૃદ્ધિ દર્શાવે છે કે લોકોમાં મિલકત ખરીદી અને વેચાણ પ્રત્યેનો વિશ્વાસ હજુ મજબૂત છે. સરકારને સ્ટેમ્પડ્યૂટીમાંથી મળતી આવકમાં પણ વધારો થયો છે. ગયા વર્ષે સ્ટેમ્પડ્યૂટી આવક 2075 કરોડ રૂપિયા હતી. ચાલુ વર્ષે સ્ટેમ્પડ્યૂટી આવક 2198.92 કરોડ રૂપિયા છે. આ પ્રમાણે લગભગ 123.92 કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે. સરકારને જ્યાં એક તરફ સ્ટેમ્પડ્યૂટી આવકમાં વધારો થયો છે, ત્યાં નોંધણી ફીમાં ઘટાડો જોવા મળ્યો છે. ગયા વર્ષે નોંધણી ફી 397 કરોડ રૂપિયા હતી. જે ચાલુ વર્ષે નોંધણી ફી 347.53 કરોડ રૂપિયા નોંધાઈ છે. અંદાજે 49.47 કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે.

### અડાજણમાં સૌથી વધારે દસ્તાવેજો નોંધાયા

વિવિધ નોંધણી કચેરીઓના આંકડાઓ મુજબ અડાજણ ખાતે સૌથી વધુ 37,248 દસ્તાવેજોની નોંધણી નોંધાઈ, જે જિલ્લાનું ટોચનું કેન્દ્ર રહ્યું. ઉધના (27,139) અને કામરેજ (27,390) પણ નોંધપાત્ર કામગીરી સાથે આગળ રહ્યા. કુંભારીયા (26,894) અને નવાગામ (24,721) વિસ્તારોમાં પણ સારો પ્રતિસાદ મળ્યો.

### ઉધનામાં સૌથી વધારે સ્ટેમ્પ ડ્યૂટીની આવક

ઉધનામાં 341.72 કરોડ સ્ટેમ્પડ્યૂટીની આવક સાથે જિલ્લામાં સૌથી વધારે છે. ત્યાર પછી અઠવા કચેરી 328.15 કરોડ સાથે ટોચ પર છે. બાદમાં અડાજણ (281.27 કરોડ) પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

### ગ્રામ્ય વિસ્તારોમાં મર્યાદિત પરંતુ સ્થિર વૃદ્ધિ

માંડવી, મહુવા અને ઉમરપાડા જેવા ગ્રામ્ય વિસ્તારોમાં દસ્તાવેજોની સંખ્યા ઓછી હોવા છતાં સ્થિરતા જોવા મળી છે. ઉમરપાડામાં માત્ર 79 દસ્તાવેજો નોંધાયા, પરંતુ તે વિસ્તારોમાં પણ આવકનો પ્રવાહ ચાલુ રહ્યો છે.

### સુરત જિલ્લામાં વર્ષ 2025-26માં નોંધાયેલા દસ્તાવેજ

| કચેરીનું નામ | દસ્તાવેજ | સ્ટેમ્પડ્યૂટી | નોંધણી ફી |
|---|---|---|---|
| અઠવા | 18,541 | 328.15 કરોડ | 53.63 કરોડ |
| ઉધના | 27,139 | 341.72 કરોડ | 25.16 કરોડ |
| નવાગામ | 24,721 | 150.82 કરોડ | 25.41 કરોડ |
| કતારગામ | 19,122 | 113.71 કરોડ | 17.99 કરોડ |
| અલથાણ | 16,681 | 141.46 કરોડ | 24.93 કરોડ |
| કુંભારિયા | 26,894 | 157.70 કરોડ | 28.40 કરોડ |
| હજીરા | 5,890 | 63.35 કરોડ | 11.71 કરોડ |
| અડાજણ | 37,248 | 281.27 કરોડ | 50.63 કરોડ |
| અબ્રામા | 20,362 | 117.23 કરોડ | 20.65 કરોડ |
| નાનપુરા | 9,562 | 83.97 કરોડ | 12.32 કરોડ |
| ઓલપાડ | 21,106 | 78.30 કરોડ | 15.31 કરોડ |
| કામરેજ | 27,390 | 141.74 કરોડ | 26.66 કરોડ |
| માંગરોળ | 10,261 | 61.80 કરોડ | 10.21 કરોડ |
| પલસાણા | 13,675 | 82.59 કરોડ | 14.12 કરોડ |
| બારડોલી | 7,825 | 37.64 કરોડ | 7.29 કરોડ |
| માંડવી | 1,854 | 12.65 કરોડ | 2.12 કરોડ |
| મહુવા | 1,080 | 4.43 કરોડ | 83.80 લાખ |
| ઉમરપાડા | 79 | 31.39 લાખ | 7.51 લાખ |
| કુલ | 2,89,430 | 2198.92 કરોડ | 347.53 કરોડ |

# પેટ્રોલ પંપના 8 કર્મચારીની બે મહિનામાં 16 લાખની ઠગાઈ

**ઓનલાઇન** પેમેન્ટ થાય ત્યારે એક સ્લીપ ગ્રાહકને જ્યારે બીજી પંપ પર જમા કરાવવાની હોય છે

**આ** સ્લીપ રાખી લઇ રોકડેથી પેટ્રોલ પૂરાવનારના નામે ચડાવી દેવાતી હતી

સુરતઃ સુરત-કડોદરા રોડ પર વેડછા પાટિયા પાસે આવેલા એક પેટ્રોલ પંપ પર કર્મચારીઓએ માત્ર બે મહિનામાં જ માલિકને 15.76 લાખનો ચૂનો લગાવ્યો છે. મૂળ અમરેલીના સાવરકુંડલાના ફીફાદ ગામના વતની અને હાલ સરથાણા ખાતે રહેતા નિકુંજભાઈ મુકેશભાઈ અકબરી સાનિધ્ય પેટ્રોલિયમમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. પંપ પર ગ્રાહકોને પેટ્રોલ ભરી આપવા અને નાણાં ઉઘરાવવા માટે રાખેલા કર્મચારીઓએ તા. 02/07/2025 થી તા. 29/08/2025 દરમિયાન આ કર્મચારીઓએ ઠગાઈ કરી હતી. જ્યારે કોઈ ગ્રાહક ક્રેડિટ કે ડેબિટ કાર્ડથી પેમેન્ટ કરતું, ત્યારે સ્વાઈપ મશીનમાંથી બે સ્લિપ નીકળતી હતી. નિયમ મુજબ એક સ્લિપ ગ્રાહકને આપવાની હોય છે અને બીજી પંપના હિસાબમાં રાખવાની હોય છે. જોકે, આ આરોપીઓ ગ્રાહકને સ્લિપ આપવાને બદલે બંને સ્લિપ પોતાની પાસે રાખી લેતા હતા. જ્યારે કોઈ બીજો ગ્રાહક રોકડેથી પેટ્રોલ પુરાવતો, ત્યારે તે રોકડ રકમ પોતાના ખિસ્સામાં મૂકી દઈ, તેની સામે કાર્ડ પેમેન્ટની વધારાની સ્લિપ હિસાબમાં બતાવી દેતા હતા. એટલું જ નહીં, હિસાબમાં ગોટાળો કરવા માટે તેઓ સ્વાઈપ મશીનની ડુપ્લીકેટ સાઈન કોપી અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન ફેઈલ થયાની નકલો પણ મેનેજરને પધરાવી દેતા હતા.

### આરોપીઓના નામ

રમેશસિંગ નથુસિંગ (ટેલીકોમ કોલોની, કાનજીગુડા, રંગરેડી-હૈદરાબાદ, તેલંગાણા), કમલેશસિંગ નારાયણસિંગ (રાયરાખુર્દ, રાયરા કલા-ખુર્દ, બંસીયા, પાલી-રાજસ્થાન), મનોહરસિંગ પુખેસિંગ (લાઉચા, પાલી-રાજસ્થાન), ઉમેશ પુનામભાઈ પ્રજાપતી (ઘંજીવલી, હળપતી વાસ, કુંભારીયા-સુરત), ઓમસિંગ સંતોષસિંગ (બજાર પરા, બર્બસપુર, કોરિયા-છત્તીસગઢ), અર્જુનભાઈ રાકેશભાઈ વિશ્વકર્મા (શિવમનગર સોસાયટી, CNP પેટ્રોલપંપ પાસે, કડોદરા-વરેલી, પલસાણા-સુરત), તેમજ સુખદેવસિંહ અને દિનેશભાઈ છે.

# 3300 વડીલોને સિટી-બસ, BRTSના ફ્રી પાસ ઈશ્યુ કરાયા

**પહેલા** આઠ દિવસમાં જ નિઃશુલ્ક મુસાફરીને ભારે પ્રતિસાદ

સુરત : શહેરના વડીલોને પરિવહનમાં રાહત આપવા માટે મહાનગરપાલિકા દ્વારા લેવાયેલા ઐતિહાસિક નિર્ણયને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. હવેથી સિનિયર સિટીઝનો સિટીબસ અને બીઆરટીએસમાં કોઈપણ ટિકિટ વિના નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. આ યોજનાના પ્રથમ દિવસે જ વડીલોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને માત્ર ૨૪ કલાકમાં જ ૩૩૦૦થી વધુ સિનિયર સિટીઝનોએ પોતાના ફ્રી પાસ કઢાવી લીધા છે.

આ યોજનાની જાહેરાત થતાની સાથે જ શહેરના વિવિધ પાસ સેન્ટરો પર વડીલોની લાંબી કતારો જોવા મળી હતી. એક વર્ષની મર્યાદા ધરાવતા આ પાસ માટે પુરુષો અને મહિલાઓ બંને વર્ગમાં ભારે ઉત્સુકતા છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં દરરોજ અંદાજે સવા બે લાખ મુસાફરો જાહેર પરિવહન સેવાનો લાભ લે છે, જેમાં વડીલોની સંખ્યા પણ મોટી છે. વડીલો દ્વારા લાંબા સમયથી મફત મુસાફરીની માંગ કરવામાં આવી રહી હતી, જેને પાલિકાએ ગ્રાહ્ય રાખી છે. આ નિર્ણયથી વડીલોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. આગામી દિવસોમાં પાસ કઢાવનારની સંખ્યામાં હજુ વધારો થવાની શક્યતા છે.

## ડિંડોલીમાં એમ્બ્રોઈડરીના સંચાલકનું બેભાન થઈ જતાં મોત

સુરતઃ ડિંડોલીમાં એમ્બ્રોઇડરીના ખાતેદારનું એકાએક છાતીમાં દુખાવો થાય બાદ બેભાન થઈ ગયા હતા. પરિવારજનોએ રાકેશભાઈને સીપીઆર આપ્યો પણ શક્યા ન હતા.

મૂળ રાજસ્થાન નાગોર જિલ્લાના વતની રાકેશભાઈ સુરજમલ ભાટી (42 વર્ષ) હાલ ડિંડોલીની અંબિકા ટાઉનશીપમાં રહેતા હતા અને એમ્બ્રોઇડરીનું ખાતું ચલાવતા હતા અને આ સાથે જોબવર્કનું કામ પણ કરતા હતા. મંગળવારે રાત્રે રાકેશભાઈને ઘરે એકાએક છાતીમાં દુખાવો ઉપડતા પત્નીએ લિંબુની શરબત પીવડાવ્યું હતું. બાદમાં તેઓ અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. પરિવારજનો દ્વારા તેમને સીપીઆર પણ આપવામાં આવ્યું હતું. આ સાથે સારવાર માટે સ્મીમેરમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. રાકેશભાઈનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હોવાની શક્યતા છે.

# ૨૦ હજાર રૂપિયાનો ચેક બે લાખનો કરી બેંકમાં ભર્યો

**ચેક** રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

**આરોપીએ** ફરિયાદી પાસેથી માત્ર ૨૦ હજાર વ્યાજે લીધા હતા ફરિયાદ પક્ષે આરોપીએ ચોરીની બાઈક આપી હોવાની રજૂઆત કરી હતી

સુરતઃ ચેક રિટર્ન કેસમાં ફરિયાદ પક્ષ કેસ પૂરવાર કરવામાં નિષ્ફળ જતાં આરોપીને છોડી મૂકવાનો હુકમ કોર્ટે કર્યો હતો. આ કેસની વિગત મુજબ સિંગણપોર અર્ચના સોસાયટીમાં રહેતા અભિષેક ભાવેશભાઈ બલરે આરોપી કિશોરભાઈ આંબાભાઈ મોતીસરીયાને મેડિકલ ખર્ચ માટે ઉછીના રૂપિયા આપ્યા હતા. આરોપીએ ફરિયાદીને સિક્યુરિટી પેટે ટુ વ્હીલર બાઈક તથા કોરો ચેક અને પ્રોમિસરી નોટ લખી આપી હતી. ત્યારબાદ ફરિયાદીએ બે લાખનો ચેક બેન્કમાં જમા કરાવતાં ચેક રિટર્ન થયો હતો. જેથી અભિષેક બલરે આરોપી કિશોરભાઈ સામે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આરોપી કિશોરે વકીલ મેળવવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળમાં અરજી કરી હતી. જેના કારણે આ કેસ લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ વિશાલ જે. લંગાળીયાને સોંપવામાં આવ્યો હતો. જેઓએ બચાવ પક્ષે દલીલ કરી હતી કે આરોપીએ ફરિયાદી પાસેથી માત્ર ૨૦ હજાર વ્યાજે લીધા હતા. જે ચેકમાં વધુ રકમ ભરી બેન્કમાં રજૂ કરવામાં આવ્યો હતો. ફરિયાદ પક્ષે આરોપીએ ચોરીની બાઈક આપી હોવાની રજૂઆત કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ફરિયાદ પક્ષ કેસ પૂરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## ભેસ્તાન આવાસ નજીક ચપ્પુ મારી વોચમેનને લૂંટી લીધો

સુરતઃ ડિંડોલી-ભેસ્તાન વિસ્તારમાં વહેલી સવારે નોકરી પર જઈ રહેલા પાલિકાની શાળાના વૃદ્ધ વોચમેનને આંતરી બે અજાણ્યા લૂંટારુઓએ ચપ્પુના ઘા ઝીંકી દેતા ચકચાર મચી ગઈ છે. મહારાષ્ટ્રના ધુલીયા જિલ્લાના ભદાને ગામના મૂળ વતની અને હાલ સુરતમાં ડિંડોલી ભેસ્તાન આવાસમાં રહેતા ૬૧ વર્ષીય લોટનભાઈ જુબલા ખેરનાર સુરત મહાનગરપાલિકાની પ્રાથમિક શાળા ક્રમાંક-૪૦૦માં વોચમેન તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૦૬/૦૪/૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૦૪:૦૦ વાગ્યાના સુમારે લોટનભાઈ રોજ મુજબ પોતાના ઘરેથી નોકરી પર જવા માટે નીકળ્યા હતા.જ્યારે તેઓ ભેસ્તાન આવાસની પાણીની ટાંકી પાસેના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક મોટરસાયકલ પર સવાર બે અજાણ્યા ઇસમો ત્યાં ધસી આવ્યા હતા. બંનેએ તેમને ચપ્પુના ઘા મારી લૂંટી લીધા હતા અને ફરાર થઇ ગાય હતાં.

# ‘તું તારા માટે લોકોની સેવા કરે છે, મારા માટે નહીં’

**નવી** સિવિલના જન ઔષધિ કેન્દ્રમાં કર્મચારીનું અમાનવીય વર્તન!

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલા ઔષધિ કેન્દ્રના કર્મચારીએ બુધવારે એક વૃદ્ધા દર્દી અને એક યુવક સાથે અમાનવીય વર્તન કરતાં આસપાસના લોકોમાં ભારે રોષ જાગ્યો છે.

બનાવની વિગતો મુજબ, એક વૃદ્ધા તેમનું પર્સ ઘરે ભૂલી જતા તેમણે ત્યાં હાજર એક સેવાભાવી યુવક પાસે મદદ માંગી હતી. યુવકે તેમને સહાનુભૂતિપૂર્વક જન ઔષધિ સ્ટોરમાં લઈ જઈ દવા ખરીદી આપી હતી. દવાનું કુલ બિલ માત્ર ૨૧ રૂપિયા આવ્યું હતું. છુટ્ટા રૂપિયા અંગેની વાતમાં સ્ટોરના કર્મચારીએ યુવક સાથે અસંવેદનશીલ અને અમાનવીય વર્તન કર્યું હતું. વૃદ્ધાએ ભૂલ તેમની ન હોવા છતાં પણ માફી માગી લીધી હતી. જ્યારે તેમણે બિલ માંગ્યું ત્યારે કર્મચારી વધુ ઉશ્કેરાઈ ગયો અને પોતાની બારીમાંથી બહાર આવીને યુવક તરફ આંગળી ચીંધીને કહેવા લાગ્યો, “તું અહીં સેવા માટે આવ્યો છે, તું તારા માટે સેવા કરે છે, મારા માટે નહીં!” એમ કહીને બરાડા પાડવા લાગ્યો હતો. આ ઘટનાએ જન ઔષધિ યોજનાના ઉદ્દેશને જ સવાલ હેઠળ મૂકી દીધો છે. ગરીબ અને સામાન્ય નાગરિકો માટે સસ્તી દવા આપવા માટે ચાલતી આ યોજનામાં આવું વર્તન અસ્વીકાર્ય છે. દર્દી સહિતના લોકો આ ઘટનાની તીવ્ર નિંદા કરી રહ્યા છે અને સત્તાધીશો પાસે કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

### ઓનલાઇન પેમેન્ટ કર્યું હતું, પેમેન્ટ થાય એ પહેલાં જ બિલ માંગ્યું હતું

નવી સિવિલ હોસ્પિટલમાં આવેલ જન ઔષધિ કેન્દ્રના સિનિયર નિરાલી મણિયારે જણાવ્યું હતું કે, ૨૧ રૂપિયા માટે છુટ્ટા બાબતે વાત થઈ હતી. ત્યારબાદ તેઓએ ઓનલાઇન પેમેન્ટ કર્યું હતું, પેમેન્ટ થાય એ પહેલાં જ બિલ માંગ્યું હતું. અમારા કોઈ કર્મચારીએ કોઈની સાથે ખોટું વર્તન કર્યું ન હતું.

## ખજુરાવાડીમાં બોગસ ભાડા ચિઠ્ઠી કેસમાં આરોપીની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ બોગસ ભાડા ચિઠ્ઠી બનાવવાનાં લાલગેટ પોલીસ સ્ટેશને નોંધાયેલા ગુનાના આરોપી ઐયુબ ભીખન શેખની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. આ કેસમાં મૂળ ફરિયાદી ફિરોઝ મુન્સી તરફે વકીલ જીતેન્દ્ર વાંકાવાલાએ સોગંદનામું રજૂ કરી જામીન અરજીનો વિરોધ કર્યો હતો. આરોપી ઐયુબ ભીખન શેખે વરીયાવી બજાર, ખજુરાવાડીની જગ્યામા માલિકોના નામે બોગસ ભાડા ચિઠ્ઠી બનાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. સરકાર પક્ષે એપીપી કે.ડી. ખેરનાર અને મૂળ ફરિયાદ પક્ષે વકીલ જીતેન્દ્ર વાંકાવાલાએ જામીન અરજીનો વિરોધ કરી દલીલો કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# કાપડના નામે જુદા જુદા વેપારી સાથે 37.96 લાખની ઠગાઇ

**પેમેન્ટના** નામે ઠાગાઠૈયા કરી સુરત અને મુંબઈના વેપારી-દલાલો પલાયન

**કુલ** 12થી વધુ આરોપીઓ સામે ગુનો દાખલ

સુરતઃસારોલી વિસ્તારમાં આવેલા વિવિધ ટેક્સટાઈલ માર્કેટોમાં ઠગ ટોળકીઓએ વેપારીઓને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. છેલ્લા કેટલાક સમયમાં બનેલી પાંચ અલગ-અલગ ઘટનાઓમાં ઠગબાજોએ મીઠી વાતો કરી કાપડનો જથ્થો ઉધાર મેળવ્યા બાદ કુલ રૂ. 37,96,000 થી વધુ (આશરે 38 લાખ) ની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે.સારોલી પોલીસે આ મામલે મુંબઈ અને સુરતના વેપારીઓ તેમજ દલાલો સહિત 12થી વધુ શખ્સો સામે વિશ્વાસઘાત અને ઠગાઈના ગુના નોંધી એક ઠગબાજની ધરપકડ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### સંગની ટ્રેડ સેન્ટરમાં રૂ. 7.31 લાખનું ઉઠામણું

મોટા વરાછા વિસ્તારમાં રહેતા સાહિલકુમાર શૈલેષભાઈ કળથીયા, જે પીપોદરા સ્થિત રાધે ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ‘ગોપીનાથ ક્રિયેશન’ના નામે કાપડનો વ્યવસાય કરે છે, તેઓ છેતરપિંડીના ભોગ બન્યા છે.માહિતી મુજબ, તા. 26 સપ્ટેમ્બર 2025ના રોજ સારોલીના સંગની ટ્રેડ સેન્ટરમાં ‘બાલાજી ફેબ’ નામે વેપાર કરતા ગણેશરામ તથા તેમના દલાલ રોહિત અગ્રવાલે બે અલગ બિલ દ્વારા કુલ રૂ. 7,31,063નો વિસ્કોસ કાપડનો માલ ખરીદ્યો હતો. નક્કી કરાયેલા સમયગાળામાં ચુકવણી કરવાની ખાતરી આપવામાં આવી હતી.પરંતુ સમયસર પેમેન્ટ ન કરતા વેપારીએ વારંવાર ઉઘરાણી કરી હોવા છતાં આરોપીઓએ ખોટા વાયદાઓ કરી સમય પસાર કર્યો અને અંતે રકમ ચૂકવ્યા વિના છેતરપિંડી આચરી.ઘટના અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરાઈ છે.

### શ્રી સારી હાઉસના સંચાલકોએ રૂ. 17.92 લાખનો ચૂનો ચોપડ્યો

ઉત્રાણ વિસ્તારમાં રહેતા અને માધવ ટેક્ષવ નામે ધંધો કરતા નરેશભાઈ રાઘવભાઈ સભાડિયા વિશ્વાસઘાતનો ભોગ બન્યા છે.માહિતી મુજબ, સારોલીના સંગીની ટ્રેડ સેન્ટરમાં ‘શ્રી સારી હાઉસ’ નામે વેપાર કરતા પ્રદીપકુમાર ટોડી, ઉમા ટોડી, અજયભાઈ તથા દલાલ સ્મિત ધામેલિયાએ મીઠી વાતો કરી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. આરોપીઓએ તા. 5 એપ્રિલથી 5 મે 2025 દરમિયાન અલગ અલગ બિલ મારફતે કુલ રૂ. 31.03 લાખનો ગ્રે કાપડ મંગાવ્યો હતો.જેમાંથી માત્ર રૂ. 13.10 લાખ ચૂકવી બાકી રહેલા રૂ. 17.92 લાખ માટે વારંવાર ઉઘરાણી છતાં ચુકવણી ટાળી હતી. અંતે પેમેન્ટ ન આપતા છેતરપિંડી બહાર આવી હતી.ઘટના અંગે સારોલી પોલીસે ગુનો નોંધ્યો છે અને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

### કુર્તીનું જોબવર્ક કરાવી રૂ. 1.37 લાખ ઓહિયાં કરી ગયા

કડોદરા વિસ્તારમાં રહેતા હાસરૂદિન નસીબ અંસારી, જે હીરઓમ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટમાં ‘એસ.આર. ફેશન’ નામે કામ કરે છે, તેઓ વિશ્વાસઘાતનો ભોગ બન્યા છે.માહિતી મુજબ, માજીસા ટેક્ષ ફેબ સાથે સંકળાયેલા શાંતપ્રસાદ દિનેશભાઈ વ્યાસ અને પ્રવિણ મંત્રીએ 1 એપ્રિલ 2024થી મે 2024 દરમિયાન અલગ અલગ બિલ મારફતે કુલ રૂ. 1,49,840ના કુર્તા સીલવડાવ્યા હતા. શરૂઆતમાં માત્ર રૂ. 12,000 રોકડ ચૂકવી બાકીની રકમ બાદમાં આપવાની ખાતરી આપી હતી.પરંતુ ત્યારબાદ બાકી રહેલા રૂ. 1,37,840 માટે વારંવાર ઉઘરાણી છતાં આરોપીઓએ પેમેન્ટ ન આપતા છેતરપિંડી બહાર આવી હતી.આ અંગે ભોગ બનનાર દ્વારા સારોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### કુબેરજી વર્લ્ડ માર્કેટમાં રૂ. 7.58 લાખની ઠગાઈ

નવાગામ ડિંડોલી વિસ્તારમાં રહેતા સુનીલ દેવકરણ યાદવ, જે સ્વસ્તિક ટેક્સટાઇલમાં મેનેજર તરીકે કાર્યરત છે, તેઓ આ બનાવના ભોગ બન્યા છે.માહિતી મુજબ, પુણાગામ કેનાલ રોડ પર આવેલી હરિકૃષ્ણા એન્ટરપ્રાઈઝના હિતેશભાઈ અને જયદીપભાઈએ વર્ષ 2022 દરમિયાન ઓળખાણ વધારી વેપાર શરૂ કર્યો હતો. શરૂઆતમાં સમયસર પેમેન્ટ આપી વિશ્વાસ જીત્યા બાદ આરોપીઓએ તા. 12 ડિસેમ્બર 2022થી 27 ડિસેમ્બર 2023 દરમિયાન અલગ અલગ બિલ મારફતે કુલ રૂ. 7,58,924નો પોલીસ્ટર કાપડનો માલ ખરીદ્યો હતો.નક્કી કરેલી 45 દિવસની સમયમર્યાદામાં પેમેન્ટ ન આપતા વારંવાર ઉઘરાણી છતાં ખોટા વાયદા કરી ચૂકવણી ટાળી દેવામાં આવી હતી.આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાતા આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

### મુંબઈના ઠગબાજોએ રઘુવીર પ્લેટીનિયમમાં ખેલ પાડ્યો

મોટા વરાછા,આનંદધારા સોસાયટીમાં રહેતા અને સોલીની રઘુવીર પ્લેટિનિયમ ટેક્સટાઇલ માર્કેટમાં ભારત ટેક્ષ્ટાઈલના નામથી ધંધો કરતા રસીક મનજીભાઈ હિરપરા (રહે,આનંદધારા સોસાયટી, મોટા વરાછા) સાથે આરોપી પ્રકાશ વાલજી રાજપુરોહિત (મેમ સાહેબના પ્રોપરાઈટર, મલાડ, મુંબઈ), પંકજકુમાર જયસ્વાલ (જય નારાયણ ટેક્સટાઇલ, દહીસર મુંબઈ), લલીતકુમાર સામારામ પરમાર (રાધે ક્રિએશન, કાંદીવાલી મુંબઈ)એ રૂપિયા ૭,૮૨,૯૯૧ નહી ચુકવી તેમની સાથે છેતરપિંડી કરી હતી. વેપારીએ અવારનવાર ઉઘરાણી કરવા છતાં પણ એકપણ રૂપિયો નહિ આપી હાથ ઊંચા કરી લીધા હતા. જેથી ભોગ બનનાર વેપારીએ પોલીસ ફરિયાદ કરી છે.

## હીરા ઠગાઈ કેસમાં આરોપીની આગોતરા જામીન અરજી ફગાવાઈ

સુરતઃ હીરા બદલી અમેરિકન ડાયમંડ આપીને છેતરપિંડી કરવાનાં કેસમાં પુણા ગામનાં આરોપી ઘનશ્યામભાઈ પ્રાગજીભાઈ નાકરાણીની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશને બીએનએસ કલમ 316(5), 61(2)(A) હેઠળ આરોપી ઘનશ્યામભાઈ પ્રાગજીભાઈ નાકરાણી સહિત ચાર જણાં સામે ફરિયાદ નોંધાઈ હતી. જે કેસમાં આરોપી ઘનશ્યામભાઈ પ્રાગજીભાઈ નાકરાણીએ ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી રજૂ કરી હતી. જેનાં વિરોધમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ ડીવી તેવરે દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની આગોતરાં જામીન અરજી નામંજૂર કરી હતી.

# લાલ મરચાંના ભાવમાં 100%નો વધારો

**સીઝનમાં** મસાલા ભરતી ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

સુરતઃ શહેરમાં ગરમીની ઋતુ શરૂ થતાં જ મસાલા બજારમાં ખરીદીનો જોરદાર માહોલ જોવા મળી રહ્યો છે. દર વર્ષે માર્ચથી મે સુધી ગૃહિણીઓ તેમના ઘરમાં આખા વર્ષ માટે જરૂરી મસાલાની સ્ટોકિંગ કરે છે. આ વર્ષે પણ મસાલા બજારમાં ભારે ખરીદી નજરે પડે છે, પરંતુ ખાસ કરીને લાલ મરચાંના ભાવોમાં 100% સુધીનો વધારો થવાથી સામાન્ય કુટુંબોનું બજેટ બગડી રહ્યું છે. ગૃહિણીઓ જણાવે છે કે મરચાંનો ભાવ ડબલ થઈ જતાં આ વર્ષે મરચાંનો સ્ટોક સામાન્ય કરતાં ઓછો રાખવાનો વિચાર કરવો પડી રહ્યો છે.

સુરતનાં હોલસેલ અને રિટેલ બજારમાં ધાણા, જીરું, વરિયાળી, રાય, મેથી, હળદર, અજમો, તલ, લાલ મરચાં, રેશમપટ્ટી મરચું અને કાશ્મીરી મરચાં જેવા મસાલાઓ માટે ભારે માંગ છે. વેપારીઓ જણાવે છે કે મોટા ભાગનાં મસાલાના ભાવ સ્થિર રહ્યા છે, પરંતુ કાશ્મીરી અને રેશમપટ્ટી મરચાંના ભાવ આસમાને પહોંચી ગયા છે.

ગયા વર્ષે જ્યાં રેશમપટ્ટી અને કાશ્મીરી મરચું 400 થી 450 પ્રતિ કિલોના ભાવે વેચાતું હતું, ત્યાં આ વર્ષે તેની કિંમત સીધી 1,000 પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. અન્ય મસાલા અને તેજાનાઓમાં તજ, લવિંગ, એલચી, મરી, બાદીયા અને જાવન્ત્રી સહિતનાં મસાલાના ભાવ આ વર્ષે સ્થિર છે. આ સિવાય હળદર 200 પ્રતિ કિલો, ધાણા 120 પ્રતિ કિલો, જ્યારે જીરું 300 પ્રતિ કિલોના દરે ઉપલબ્ધ છે.

### આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્રનાં રાજ્યોમાં વરસાદ લંબાતા લાલ મરચું મોંઘું થયું

ડબગરવાડામાં મસાલાના હોલસેલ વેપારી કાંતી પુરબીયાએ જણાવ્યા અનુસાર આંધ્ર પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાંથી લાલ મરચું આખા ભારતમાં સપ્લાય કરવામાં આવે છે. આ બન્ને રાજ્યોમાં વરસાદ લંબાતા લાલ મરચાનું ઉત્પાદન ઓછું થયું છે, જેના કારણે બજારમાં પુરવઠો ઘટી ગયો છે. પુરવઠામાં થયેલી આ કટોકટીના કારણે જ મરચાંના ભાવોમાં ઉછાળો આવ્યો છે. પુરબીયાએ જણાવ્યું કે રેસમપટ્ટી અને કાશ્મીરી મરચાં પ્રત્યે અગાઉથી જ ઊંચી માંગ રહેતી હોય છે. ઉત્પાદન ઘટતા વેપારીઓ પાસે પૂરતો સ્ટોક ઉપલબ્ધ ન હોવાથી તેની કિંમતોમાં ભારે વધારો થયો છે.

### ગૃહિણીઓ માટે મુશ્કેલ સમય, મરચાંનો સ્ટોક ઓછો થશે

ભાવ વધારાનો સીધો અસર ઘરેલું રસોડા પર પડી રહ્યો છે. સામાન્ય રીતે ઘરમાં આખા વર્ષનો મસાલો ભરણ કરતી ગૃહિણીઓ જણાવે છે કે મરચાંના વધેલા ભાવને કારણે આ વર્ષે તેઓ સ્ટોક ઓછો જ રાખશે. રસોડાના બજેટમાં મોટો ફેરફાર થતાં ઘણી ગૃહિણીઓ ખરીદી કરતી વખતે મસાલાની પ્રમાણમાં ઘટાડો કરી રહી છે. મોટા ભાગનાં મસાલાના ભાવ સ્થિર રહી થોડી રાહત મળી છે, પરંતુ લાલ મરચાંના ડબલ થયેલા ભાવ બજારમાં ચર્ચાનો મુખ્ય વિષય બન્યા છે.